# શ્રી અમદાવાદ, કડી, વિજાપુર પરગણા
# શ્રીમાળી સોની ઉત્તેજક મંડળ, અમદાવાદ.

પબ્લીક ટ્રસ્ટ રજી. નં. એ-૧૭૪૭
કડી, વિજાપુર, વિસનગર, વડનગર અને ખેરાલુ પરગણામાં
વસતા શ્રીમાળી સોની જ્ઞાતિભાઈઓનું મંડળ, અમદાવાદ.



પત્રિકા નં. ૬ | તા. ૧૨-૧૦-૨૦૦૭

## સુવર્ણ-જયંતિ મહોત્સવ ઉજવણી

**કારોબારી અને તા. ૯-૯-૨૦૦૭ના રોજ મળેલ**
**પ્રતિ બોર્ડની મીટીંગનો અહેવાલ**

---

**આગામી રજત્ સમૂહ લગ્ન મહોત્સવ**
**તા. ૨૭-૧-૨૦૦૮ને રવિવારે**
**સ્થળ : સાર્વજનિક વિદ્યાલય,**
**એસ.ટી. સ્ટેન્ડની બાજુમાં, મહેસાણા.**

## આપણા મંડળની દાનની યોજનાઓ

૧) **૫૧,૦૦૦** : સહાયક દાતા લેવાય છે. જે તે ફંડના ફોર્મમાં પરિવારના વધુમાં વધુ બે નામ અને ફોટા છાપવામાં આવે છે.

૨) **૧૦,૦૦૦** : જે તે ફંડના ફોર્મમાં ફક્ત એક નામ છાપવામાં આવે છે.

૩) **૩,૫૦૦ અને ૫,૦૦૦** : વિદ્યાર્થીઓને આપવામાં આવતા ચોપડા / નોટબુકમાં એક નામ અને ફોટો

૪) **૨,૦૦૦** : બહુચરાજી ધર્મશાળામાં ૧૨" x ૧૫" ની સાઈઝનો લેમીનેશનવાળો ફોટો મુકવામાં આવે છે. દાતાએ ફક્ત લુઝ ફોટો ૧૦" x ૧૨" ની સાઈઝનો આપવાનો છે.

૫) **૨,૦૦૦** : ૨૫માં સમુહ લગ્નથી મા-માટલું / પાનેતર મંડળ તરફથી આપવાનું થાય છે. મા-માટલા / પાનેતર માટે ફક્ત રૂા. ૨૦૦૦/- સ્વીકારવામાં આવે છે.

૬) **સમાજ ઉન્નતિ ફંડમાં દાન સ્વીકારવામાં આવે છે.**

**હર્ષ અને શોક એક સિક્કાની બે બાજુ છે.**

## આભાર દર્શન

## નિમંત્રણ પત્ર

તા. ૧૦-૧૦-૨૦૦૭

વ્હાલા જ્ઞાતિજનો,

પરમકૃપાળુ પરમાત્માની અસીમ કૃપા અને આપના અદમ્ય સહકારથી મંડળે સુવર્ણ-જ્યંતિ મહોત્સવ સંપન્ન કર્યો. સુવર્ણ-જ્યંતિ મહોત્સવમાં સંપૂર્ણ સહકાર આપવા બદલ દરેક જ્ઞાતિજનોનો આભાર માનું છું. આપણા મંડળનો ૨૫મો એટલે કે 'રજત-સમૂહલગ્ન મહોત્સવ' સંવત ૨૦૬૪ પોષ વદી પાંચમ રવિવાર તા. ૨૭-૧-૨૦૦૮ના રોજ મહેસાણા ખાતે યોજવામાં આવનાર છે. આ અંગેની તમામ વિગતો આ પત્રિકામાં દર્શાવવામાં આવી છે.

આપ સૌ જ્ઞાતિજનોના સાથ અને સહકાર વગર આ અશક્ય છે. આપ સૌને મારી વિનંતી છે કે આપ સૌ તન, મન અને ધનથી સહકાર આપશો. મંડળની સર્વાંગી ઉન્નતિમાં જ આપણા સર્વેની ઉન્નતિ છે.

આપ સૌને આ સમારંભમાં તમામ કુટુંબના સભ્યો સહિત હાજરી આપવા અને આપણા પ્રસંગને દેદીપ્યમાન બનાવવા હાર્દિક નિમંત્રણ પાઠવું છું.

ફરી આભાર સહ,

આપનો સ્નેહાધીન,
**(સોની મુકેશકુમાર બાબુલાલ)**
પ્રમુખ

**સારાં પુસ્તકો વિનાનું ઘર સ્મશાન છે.**

## મંડળની મુખ્ય પ્રવૃત્તિઓ

૧. **કેળવણી :** વિના મુલ્યે નોટબુક વિતરણ, સ્કોલરશીપ, તેજસ્વી વિદ્યાર્થીને ઈનામ, સુવર્ણ અને રજતચંદ્રક એનાયત તેમજ ઉચ્ચ શિક્ષણ માટે સ્કોલરશીપ.

૨. **તબીબી સહાય :** જરૂરીયાતવાળા લાભાર્થીને રોકડ સ્વરૂપમાં સહાય.

૩. **આર્થિક સહાય :** જરૂરીયાતવાળા લાભાર્થીને દર ત્રણ માસે આર્થિક સહાય.

૪. **અસહાય બહેનો માટે :** જરૂરિયાતવાળા લાભાર્થીને દર ત્રણ માસે આર્થિક સહાય.

૫. **સમૂહ લગ્ન યોજના :** પ્રતિવર્ષ સમુહલગ્નનું આયોજન નવદંપત્તિને ભેટ / પ્રેઝન્ટ

૬. **સમાજ સુધારા :** આજના વૈજ્ઞાનિક યુગમાં કરવાપાત્ર સુધારા ધીમી ગતિએ અમલમાં મુકીએ છીએ.

૭. **બહુચરાજી ધર્મશાળા :** આપણા સમાજની વાડી બહુચરાજી મુકામે છે. વાડીમાં સુધારા / વધારા, જરૂરી સાધનો રસોઈના ગાદલા / ગોદડા વગેરેથી સજ્જ કરી છે અને હાલ ત્યાં સુંદર સગવડનું આયોજન કરેલ છે.

૮. **યુવા પાંખ :** વર્તમાન પ્રમુખની આગેવાની નીચે યુવા પાંખની રચના કરી છે. બ્લડ ગ્રુપના કાર્ડ લગભગ મોટાભાગના યુવાનો પાસે છે અને હજુ બીજી પ્રવૃત્તિઓ હાથ પર લેવાની છે.

૯. **સ્ત્રી પ્રતિનિધિત્વ :** હાલમાં નવ જેટલી બહેનોને પ્રતિનિધિ બોર્ડમાં પ્રતિનિધિત્વ આપ્યું છે.

**વિવેક વિનાની વિદ્યાનું પરિણામ ફક્ત શ્રમ હોય છે.**



મહાશયશ્રી,

પત્રિકા નં. ૫ તા. ૨૮-૫-૨૦૦૭ના રોજ બહાર પાડેલ. ત્યારબાદ તા. ૧૨-૮-૨૦૦૭ના રોજ વિજાપુર ખાતે કારોબારીની અને તા. ૯-૯-૨૦૦૭ના રોજ મહેસાણા ખાતે મળેલ પ્રતિનિધિ બોર્ડની બેઠકનો અહેવાલ આપની સમક્ષ રજુ કરતા આનંદ અનુભવીએ છીએ.

તા. ૧૩-૫-૨૦૦૭ની બેઠકમાં સુવર્ણ-જ્યંતિ મહોત્સવની ઉજવણી અને તે માટે લેવામાં આવનાર પગલાની ચર્ચા કરી, જવાબદારીની સોંપણી કરવામાં આવી. તા. ૨૭-૫-૨૦૦૭ના રોજ આર. કે. રાવલ હોલ સ્થળ પર જે ગોઠવણ કરેલ તેના ફેરફારના સૂચન પણ ગ્રાહ્ય રાખી, જરૂરી ફેરફાર કર્યા.

## સુવર્ણ-જ્યંતિ મહોત્સવ ઉજવણી અહેવાલ

પત્રિકા નં. ૪ તા. ૨૮-૩-૨૦૦૭ અને પત્રિકા નં. ૫ તા. ૨૮-૫-૨૦૦૭ની વિગતોના અન્વયે તા. ૩-૬-૨૦૦૭ના રોજ આર. કે. રોયલ હોલ, સોલા, અમદાવાદ ખાતે સુવર્ણ-જ્યંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી. સમારંભના પ્રમુખસ્થાને સોની હીરાબેન બાબુલાલ બ્રિજલાલ પરિવારના જ્યેષ્ઠ પુત્ર સોની હેમેન્દ્રકુમાર બાબુલાલ રહ્યા. મુખ્ય મહેમાન તરીકે ભોજનદાતા પરિવારના સોની બાલકૃષ્ણભાઈ નટવરલાલ, સોની જગદીશચંદ્ર જ્યંતિલાલ અને સોની કુમારપાળ પોપટલાલ રહ્યા. સમાજ ઉન્નતિ ફંડના મુખ્ય દાતા ચોકસી મોરલીધર દેવીદાસ અને ચોકસી મધુબેન મોરલીધર મુખ્ય મહેમાન તરીકે રહ્યા. સ્વાગત પ્રમુખ તરીકે સોની બાલમુકુંદભાઈ ચંદુલાલ અને ઉદઘાટક પ્રમુખ તરીકે સોની નંદલાલ બુલાખીદાસ હતા. સુવર્ણ-જ્યંતિ મહોત્સવની નિમંત્રણ પત્રિકામાં દર્શાવ્યાનુસાર 33 જેટલા અતિથિવિશેષશ્રીઓ હતા. વિશેષ ઉપસ્થિતિમાં શ્રી અખિલહિંદ શ્રીમાળી સોની મહામંડળમાંથી પ્રમુખશ્રી સોની નાનાલાલ બેચરદાસ ઉપપ્રમુખશ્રી હીરાભાઈ રાણપરા, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ડૉ. હર્ષદભાઈ ઝીંઝુવાડીયા,

**સંતાનના મનની વાત વાંચી શકે તે જ સાચા મા-બાપ**

માનદ્મંત્રી શ્રી મહેન્દ્રભાઈ સોની અને મહાસમિતિના સભ્યોએ હાજરી આપી. પ્રસંગની શોભા વધારી.

ગામેગામથી આપણા મંડળના જ્ઞાતિજનોએ આ મેળાવડામાં હાજરી આપી. પ્રતિનિધિ પાસેથી ગામેગામમાંથી માંગેલ માહિતી અને મેળાવડાના સ્થળે રજીસ્ટર્ડ થયેલ કુટુંબની હાજરીથી એવું ફલિત થયું કે લગભગ ૮૯% કુટુંબોએ ઉજવણીમાં ભાગ લીધો એ ચોક્કસ સૌના માટે ગૌરવની વાત બની ગઈ.

સૌ પ્રથમ, મહાનુભાવોને ડાયસ પર સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરવામાં આવી. બાલિકાઓ દ્વારા સ્વાગત ગીત / પરમાત્માની પ્રાર્થના કરવામાં આવી. સ્વાગત પ્રમુખશ્રી સોની બાલમુકુન્દભાઈ ચંદુલાલે સૌનું હાર્દિક સ્વાગત પ્રવચન દ્વારા સ્વાગત કર્યું. વર્તમાન પ્રમુખશ્રીએ સંઘબળ, સંગઠન અને સેવાના સુત્રો આપી એ પુરવાર કર્યું કે સંઘશક્તિ હોય તો મુશ્કેલ કામ પણ પાર પાડી શકાય છે. સૌ જ્ઞાતિજનોને સાથ અને સહકાર આપવા બદલ આભાર માન્યો. ત્યારબાદ, ઉદ્‌ઘાટક પ્રમુખશ્રી સોની નંદલાલ બુલાખીદાસે સૌ મહાનુભાવોની સાથે રહી મંગલદીપ પ્રાગટ્ય કરી વિધિવત રીતે મહોત્સવને ખુલ્લો મૂક્યો. સૌ મહાનુભાવોનું ફુલહાર અને સાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું.

ત્યારબાદ, મંડળના સ્થાપના દિનથી આજ સુધીના ઈતિહાસને એટલે કે પચાસ વર્ષના ઈતિહાસને આવરી લેતુ એક સોવેનીયર - 'સંભારણું' કે જેના સંપાદક તરીકે વર્તમાન ઉપપ્રમુખશ્રી સોની નવીનચંદ્ર મગનલાલ હતા તેનું વિધિવત રીતે સમારંભના પ્રમુખશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું અને આ 'સંભારણું' જ્ઞાતિજનોમાં વિતરણ કરવામાં આવ્યું.

શ્રી હેમેન્દ્રભાઈ બાબુલાલ સોનીએ છેલ્લા ત્રીસ વર્ષથી સતત અપ્રતિમ સહયોગ, સહકાર અને માર્ગદર્શક બની મંડળને વિશિષ્ટ સેવાઓ આપેલ. આ બાબત ગણત્રીમાં લઈ તેઓશ્રીને 'વિશિષ્ટ સેવા-

**નિષ્ફળતા એ દ્રવ્ય છે, જે સફળતાને મસાલેદાર બનાવે છે.**



સન્માન-પત્ર' થી નવાજવામાં આવ્યા. ત્યારબાદ મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા.

સમાજના વયોવૃદ્ધ દાદા/દાદીનું સન્માન અને સાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું.

લગભગ ૧૮ જેટલા યુવક/યુવતીઓને વિશિષ્ટ પ્રવિણતા મેળવવા બદલ મોમેન્ટો અર્પિત કરી, પ્રોત્સાહિત કરવામાં આવ્યા. 'સંભારણું' સોવેનીયરમાં સૌથી વધુ જાહેરાત લાવનાર ત્રણ પ્રતિનિધિ સર્વશ્રી સોની હરેશકુમાર ચંદુલાલ (જંત્રાલ) સોની અશ્વિનકુમાર ગોરધનદાસ (વિજાપુર) અને સોની ભરતકુમાર રતીલાલ (વિસનગર)ને સન્માનવામાં આવ્યા. મુખ્ય હેડના તમામ દાતાઓને પણ અભિવાદિત કરવામાં આવ્યા.

બપોરના ભોજન બાદ બીજી સેશનમાં વીડીયો ક્લીપીંગ શો પડદા પર ઉપરના હોલમાં અને નીચેના હોલમાં દર્શાવવામાં આવ્યો. સ્થાપક પ્રમુખશ્રી વર્તમાન પ્રમુખ સુધીના સૌ મહાનુભાવોએ મંડળમાં આપેલ પ્રદાનની નોંધ સાથે સઘળી વિગતો કેમેરામાં કંડારવામાં આવી. આ એક નવતર પ્રયોગ હતો જેનો જ્ઞાતિજનોએ રસાસ્વાદ માણ્યો અને પ્રશંસા કરી. આ વીડીયો-ક્લીપીંગની જવાબદારી પૂર્વ પ્રમુખ શ્રી સોની જગદીશચંદ્ર જ્યંતિલાલે આરંભથી જ લીધેલ અને સફળતાપૂર્વક બજાવી.

સાંજે ૭-૦૦ વાગે આ પ્રસંગે પૂરો થતાં, સાંજનું ભોજન લેવામાં આવ્યું.

ત્યારબાદ, વિખ્યાત હાસ્ય કલાકાર શ્રી શાહબુદ્દીન રાઠોડ તથા ડાયરાના કલાકારશ્રી સાંઈરામે જ્ઞાતિજનોને ગીત/સંગીત અને કોમેડીથી વાતાવરણને પ્રફુલ્લિત બનાવી દીધું. સંગીતની ટીમ તથા રસોડા કન્વીનરશ્રી સોની ભરતકુમાર બાબુલાલ, નારણપુરા, અમદાવાદનું પણ

**જેણે કોઈ દિવસ દુઃખ અનુભવ્યું નથી તે દુનિયાનો સૌથી વધુ દુઃખી માનવી છે.**

ફુલહારથી અભિવાદન કરવામાં આવ્યું. નારણપુરા યુથ સર્કલની કામગીરીની પણ સરાહના કરવામાં આવી. લગભગ રાત્રે ૧૨-૩૦ વાગે કાર્યક્રમની સમાપ્તિ જાહેર કરવામાં આવી.

## કારોબારી

તા. ૧૨-૮-૨૦૦૭ના રોજ કારોબારીની બેઠક વિજાપુર ખાતે મળી. મંગલદીપ પ્રાગટ્ય/પ્રાર્થના કરી. નીચેની બાબતે ચર્ચા કરી.

(૧) કન્વીનરશ્રીના અહેવાલ આગામી પ્રતિ. બોર્ડમાં લેવા.

(૨) કારોબારીના તમામ સભ્યોના સુવર્ણ-જ્યંતિ મહોત્સવ ઉજવણી અંગે વ્યક્તિ ગત અભિપ્રાય લીધા. સૌએ એકી અવાજે ઉજવણીની પ્રશંસા કરી.

(૩) તમામ આવક/જાવકના આંકડા-ઉઘરાણીના આંકડાની વિગતો કારોબારી સમક્ષ રજૂ કરી અને દાતાશ્રીઓને નમ્ર વિનંતી કરી સત્વરે નોંધાવેલ રકમ પહોંચાડવા જણાવાયું.

(૪) આગામી પ્રતિ બોર્ડની બેઠત તા. ૯-૯-૨૦૦૭ને રવિવારે મહેસાણા મુકામે યોજવાનું નક્કી થયું. સ્થળની પસંદગી મહેસાણાના જવાબદાર હોદ્દેદારોને સોંપવામાં આવી.

(૫) આગામી ૨૫મા સમૂહ લગ્નને 'રજત સમૂહલગ્ન મહોત્સવ' નામ આપી ઉજવવાનું નક્કી થયું.

(૬) આગામી સમૂહલગ્નની બાકીની બાબતો પ્રતિ. બોર્ડની મીટીંગમાં ચર્ચવી એવો નિર્ણય લીધો.

**આનંદની પળોમાં માનવીનું મન ખિલેલા પુષ્પ જેવું હોય છે.**



## પ્રતિનિધિ બોર્ડની તા. ૯-૯-૨૦૦૭ની મીટીંગ, મહેસાણા મુકામે

મહેસાણા ખાતે સાર્વજનિક વિદ્યાલયના પ્રાંગણમાં આવેલ કમળાબા હોલમાં મીટીંગ મળી. મંગલદીપ પ્રાગટ્ય અને પ્રાર્થના કરવામાં આવી. ગત પ્રતિ બોર્ડની કાર્યવાહી નોંધ વંચાણે લીધા અને તેન મંજુરી આપવામાં આવી. સૌ પ્રથમ, વર્તમાન પ્રમુખશ્રી 'સુવર્ણ-જ્યંતિ મહોત્સવ'ની ઉજવણીમાં સર્વે જ્ઞાતિજનોએ સક્રીય રસ લઈ, નોંધપાત્ર સહકાર આપ્યો તે બદલ અંતઃકરણપૂર્વક આભાર માન્યો. તેઓશ્રીએ જણાવ્યું કે આગામી 'રજત-સમૂહ લગ્ન મહોત્સવ'માં પણ આપણે ખભેખભા મિલાવી કાર્યક્રમને સુંદર રીતે સફળ બનાવીએ. હું સૌ નાના-મોટા જ્ઞાતિજનોનો સહકાર માંગું છું.

'સુવર્ણ-જ્યંતિ મહોત્સવ'ના આવક/જાવક્ના આંકડા પ્રતિનિધિ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. ચર્ચા-વિચારણાના અંતે તે મંજૂર રાખવામાં આવ્યા. આ આંકડા, આ પત્રિકામાં દાતાની સાથે પત્રકના રૂપમાં દર્શાવવામાં આવ્યા છે.

સ્કોલરશીપના હિસાબોનું મેળવણું કરવામાં આવ્યું. અંદાજિત ૯૪૦ વિદ્યાર્થીઓને રૂા. ૪૨,૦૦૦/- ની સ્કોલરશીપની વહેંચણી કરવામાં આવી. કન્વીનરશ્રી કેળવણીએ જણાવ્યું કે ૧૦૦૦ ડઝન ચોપડા અને ૩૫૦ ડઝન નોટબુક્સ છપાવી જે આશરે ૯૦૦ વિદ્યાર્થીઓને વહેંચવામાં આવી. નક્કી થયા મુજબ, દસ ગ્રામ ચાંદીના ૧૧૦૦ સિક્કા છપાવવામાં આવ્યા. પ્રતિનિધિ બોર્ડની મીટીંગમાં આવેલ તમામ પ્રતિનિધિઓને ગામવાઈઝ જરૂરીયાત મુજબ (જે લીસ્ટ પ્રતિનિધિઓએ મોકલાવેલ તે જરૂરિયાત લક્ષમાં લીધી છે.) સિક્કા સુપ્રત કર્યા. આ સિક્કાની વહેંચણી રસોડા દીઠ / કુટુંબદીઠ એક સિક્કો તે પ્રમાણે કરવાની છે. પ્રતિનિધિઓનેઆની વિગતવાર સમજણ

**'ગમ'નું અવળું 'મગ' થાય, એક વર્ષ બાફેલા 'મગ' ખાવને નિરોગી રહો.**

આપવામાં આવી છે. સિક્કો આપ્યા પછી લીસ્ટમાં દર્શાવેલ નામ સામે જવાબદાર વ્યક્તિની સહી લેવાની રહેશે. આ કાર્ય પુરૂ થયે, તે લીસ્ટ મંત્રીશ્રી સોની દિલીપભાઈ અંબાલાલને પહોંચાડવાનું છે.

ટેલીફોન ડીરેક્ટરી હજુ ૨૦૦ નંગ જેટલી સ્ટોકમાં છે. જરૂરીયાતવાળાએ હોદ્દેદારોનો સંપર્ક સાધવો. ડીરેક્ટરીની વધારાનો થતો ખર્ચ મંડળના ફંડમાંથી ફાળવવામાં આવશે.

ગત્સંમેલનથી માંડી સુવર્ણ-જયંતિ મહોત્સવ સુધી લખાવેલ યોગદાનની યાદી પત્રિકા સ્વરૂપે પ્રસિધ્ધ કરવામાં આવી છે. આ યોગદાનમાં જેની રકમ આવી નથી તેનું લીસ્ટ પ્રતિનિધિ / કારોબારીના સભ્યને આપવામાં આવ્યું છે. આથી સર્વે દાતાશ્રીઓને નમ્ર વિનંતી કે તેઓશ્રી લખાવેલ યોગદાન સત્વરે પહોંચડો અને તેની પાવતી મેળવી લો.

જુદી જુદી સમિતિના કન્વીનરશ્રીઓએ અહેવાલ રજુ કર્યા.

## રજત સમુહલગ્ન - મહોત્સવ

કન્વીનરશ્રી, સમુહલગ્ન અને સમાજ સુધારકે આ અગાઉની પ્રતિ. બોર્ડમાં આવક અને જાવકના આંકડા રજુ કર્યા હતા તેથી તે અત્રે જણાવ્યા નથી. **સ્ટોરવેલ (સ્ટીલનું કબાટ)** આ ફંડમાં પણ બચત છે તેથી રજત સમૂહલગ્ન મહોત્સવમાં 'સ્ટોરવેલ' આપવાનું નક્કી થયું. મા-માટલા પાનેતરના ૧૦૦ જેટલા દાતા મળ્યા છે. મા-માટલું પાનેતર સમાજ તરફથી આપવાનું છે. **આગામી રજત સમૂહ લગ્ન મહોત્સવ નક્કી થયા મુજબ તા: ૨૭-૧-૨૦૦૮ રવિવાર સંવત ૨૦૬૪ પોષ વદી-પાંચમના રોજ મહેસાણા ખાતે એસ.ટી. સ્ટેન્ડની બાજુમાં સાર્વજનિક વિદ્યાલયનાં પ્રાંગણમાં યોજાશે.**

**કોઈ પણ કામ માટે પૂરેપૂરી તૈયારી કરવી એ જ સફળતાની ચાવી છે.**



સમુહલગ્ન માટેના નીચેના સુધારા સિવાયના નિયમો યથાવત રહેશે.

(૧) ભોજનપાસ ફ્રી આપવામાં આવશે.

(૨) કાઉન્ટર પર રજીસ્ટ્રેશન કરાવ્યા પછી જ જરૂરી પાસ મેળવી શકશે.

(૩) ઈતર ગોળની વ્યક્તિ કે જે સમૂહલગ્નમાં જોડાયેલ હશે તેને વધુમાં વધુ પચાર પાસ આપવામાં આવશે.

(૪) સૌને પાસ લગ્નના સ્થળ પરથી મળશે.

(૫) મોટા ગામના નામ દર્શાવતા પાટીયાવાળા રજીસ્ટ્રેશન કાઉન્ટર પરથી, તે મોટાગામના નજીકના ગામવાળાએ પાસ મેળવવાનો રહેશે.

(૬) સૌ જ્ઞાતિજનોએ રજીસ્ટરમાં સ્પષ્ટ નામ લખી, પાસ મેળવી, સામે સહી કરવાની રહેશે.

| | |
|---|---|
| **કાઉન્ટર નં. ૧** | **અમદાવાદ, ગાંધીનગર, મુંબઈ, સુરત, વડોદરા, રાજકોટ** |
| **કાઉન્ટર નં. ૨** | **મહેસાણા, વિસનગર, વડનગર, ખેરાળુ** |
| **કાઉન્ટર નં. ૩** | **કલોલ, માણસા, નારદીપુર** |
| **કાઉન્ટર નં. ૪** | **વિજાપુર, હિંમતનગર, ઈડર, કુકરવાડા** |
| **કાઉન્ટર નં. ૫** | **લગ્નના જોડાનાર - વર / કન્યાના વાલીઓ અને પ્રતિનિધિઓ/કારોબારી સભ્યો.** |

**જગતમાં સંતોષ સમાન બીજું કોઈ સુખ નથી.**

## કાર્યક્રમ

| | | |
|---|---|---|
| સવારે | ૮-૦૦ | આગમન |
| | ૮-૦૦ થી | ચા / પાણી |
| | ૯-૩૦ થી | ગ્રહશાંતિ - ગણેશ સ્થાપન |
| | ૧૨-૩૯ | હસ્ત મેળાપ |
| | ૧૧-૦૦ થી ૧૩-૩૦ | ભોજન સમારંભ |
| | ૧૪-૦૦ | ચંદ્રક વિતરણ-કન્યાવિદાય સમારંભ |
| | ૧૭-૦૦ | કન્યા વિદાય |

**નોંધ : વાલીઓની અને પ્રતિનિધિ બોર્ડના સભ્યોની બેઠક તા. ૧૫-૧-૨૦૦૮ મંગળવારના રોજ બપોરે ૨-૩૦ કલાકે મહેસાણા ખાતે કમળાબા હોલ, સાર્વજનિક સ્કુલ, એસ.ટી. સ્ટેન્ડની બાજુમાં યોજવામાં આવી છે.**

પ્રતિનિધિ બોર્ડે ત્યારબાદ યોજાનાર રજત સમૂહલગ્ન મહોત્સવના સમારંભના પ્રમુખશ્રી, સ્વાગત પ્રમુખશ્રી ઉદ્‌ઘાટક પ્રમુખશ્રી અને અતિથિ વિશેષશ્રીઓના નામની વિચારણા કરી.

| | | |
|---|---|---|
| ૧) | સમારંભના પ્રમુખ | ચોકસી મોરલીધર દેવીદાસ, મુંબઈ |
| ૨) | મુખ્ય મહેમાન | સોની હેમેન્દ્રકુમાર બાબુલાલ, અમદાવાદ |
| ૩) | મુખ્ય મહેમાન | ડૉ. સોની મહેન્દ્રકુમાર બાબુલાલ, હિંમતનગર |
| ૪) | સ્વાગત પ્રમુખશ્રી | સોની દશરથલાલ પ્રહલાદજી, મહેસાણા |
| ૫) | ઉદ્‌ઘાટક પ્રમુખશ્રી | સોની હસમુખભાઈ ચુનીલાલ, મહેસાણા |
| ૬) | અતિથિવિશેષશ્રીઓ | (૧) સોની જશવંતલાલ નટવરલાલ, ધિણોજ |
| | | (૨) સોની ધનશ્યામભાઈ ભોગીલાલ, કુકરવાડા |
| | | (૩) સોની હરેશકુમાર ચંદુલાલ, જંત્રાલ |
| | | (૪) સોની હેમંતકુમાર મનસુખરામ, અમદાવાદ |

સમિતિઓ નીચે મુજબની રચવામાં આવી.

**ધ્યાન અને ભક્તિથી પરમાત્માને સાક્ષાત્કાર થઈ શકે છે.**



## સ્વાગત સમિતિ

| | | |
|---|---|---|
| ૧) | સોની દશરથલાલ પ્રહલાદજી | સ્વાગત પ્રમુખશ્રી |
| ૨) | સોની હેમેન્દ્રકુમાર બાબુલાલ | સભ્ય |
| ૩) | સોની કાન્તીલાલ માણેકલાલ | સભ્ય |
| ૪) | સોની જગદીશચંદ્ર જયંતિલાલ | સભ્ય |
| ૫) | સોની બાલમુકુંદભાઈ ચંદુલાલ | સભ્ય |
| ૬) | સોની કનૈયાલાલ શાંતિલાલ | સભ્ય |

## વ્યવસ્થાપક સમિતિ

| | | | |
|---|---|---|---|
| ૧) | સોની કીર્તિભાઈ ચીમનલાલ | મહેસાણા | કન્વીનરશ્રી |
| ૨) | સોની રજનીકાન્ત પુંજીરામ | મહેસાણા | સભ્ય |
| ૩) | સોની પિયુષભાઈ દિલીપભાઈ | મહેસાણા | સભ્ય |
| ૪) | સોની કિરીટકુમાર નટવરલાલ | કલોલ | સભ્ય |
| ૫) | સોની મહેશભાઈ દશરથલાલ | મહેસાણા | સભ્ય |
| ૬) | સોની અમૃતભાઈ ભોગીલાલ | મહેસાણા | સભ્ય |

## રસોડા સમિતિ

| | | | |
|---|---|---|---|
| ૧) | સોની કનૈયાલાલ નટવરલાલ | મહેસાણા | કન્વીનરશ્રી |
| ૨) | સોની જશવંતલાલ નટવરલાલ | ધિણોજ | સભ્ય |
| ૩) | સોની ભરતકુમાર બાબુલાલ | અમદાવાદ | સભ્ય |
| ૪) | સોની અશ્વિનકુમાર ગોરધનલાલ | વિજાપુર | સભ્ય |

**શ્રીમદ્ ભાગવતની અમર કથાનો આશ્રય કરે તે મનુષ્ય અમર બને છે.**

| | | | |
|---|---|---|---|
| ૫) | સોની હરેશકુમાર ચંદુલાલ | જંત્રાલ | સભ્ય |
| ૬) | સોની રાજેન્દ્રકુમાર દશરથલાલ | મહેસાણા | સભ્ય |
| ૭) | સોની વિપુલભાઈ હસમુખભાઈ | મહેસાણા | સભ્ય |
| ૮) | સોની મહેન્દ્રભાઈ ચીમનલાલ | મહેસાણા | સભ્ય |
| ૯) | સોની રોહિતકુમાર હસમુખલાલ | મહેસાણા | સભ્ય |
| ૧૦) | સોની દિપકભાઈ ચંદ્રકાન્તભાઈ | મહેસાણા | સભ્ય |

**૧૧) મહેસાણા સોની જ્ઞાતિ મંડળના સભ્યશ્રીઓ**

રજત-સમૂહલગ્ન મહોત્સવમાં આવેલ ભેટની યાદી પરિશિષ્ટમાં દર્શાવવામાં આવી છે. પ્રતિ. બોર્ડની બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે તમામ ભેટની એક 'કીટ' બનાવી. વરઘોડિયાનું નામ / વાલીનું નામ લખી કન્યા વિદાય વખતે જવાબદાર વ્યક્તિને આ કીટ સુપ્રત કરવી. સમગ્ર ભેટનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવશે. દરેક ભેટની નીચે દાતાશ્રીનું નામ દર્શાવવામાં આવશે.

## તા. ૩-૬-૨૦૦૭ સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવણી સમયે નોંધાવેલ દાનની વિગત

| અ.નં. | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| **ગામેગામ મુલાકાત વખતે નોંધાયેલ દાન અ.નં. ૧ થી ૧૩૯ આ અગાઉની પત્રિકામાં.** | | | |
| ૧૪૦ | સોની મંજુલાબેન ભોગીલાલ કાન્તિલાલના સ્મરણાર્થે | સરસપુર અમદાવાદ | ૧૧૧૧૧/- ત.સ.યો.ફં. |

**'સા વિદ્યા યા વિમુક્તયે' એટલે કે મુક્તિ અપાવે તે જ સાચી વિદ્યા.**



| | | | |
|---|---|---|---|
| ૧૪૧ | સોની વર્ષાબેન ભરતકુમાર જગજીવનદાસ હ.સોની બાબુલાલ વાડીલાલ લાંઘણજ | નારણપુરા અમદાવાદ | ૧૧૦૦૦/- સ.લ.કા.યો.ફં. |
| ૧૪૨ | સોની દક્ષાબેન મુકેશકુમાર હ. સોની બાબુલાલ વાડીલાલ લાંઘણજ | મુંબઈ | ૧૧૦૦૦/- સ.લ.કા.યો.ફં. |
| ૧૪૩ | સોની હેમંતકુમાર મનસુખરામ | અમદાવાદ | ૫૧૦૦૦/- સ.ઉ.કા.ફં. |
| ૧૪૪ | સોની જનકભાઈ (બહેરીનવાળા) | | ૧૧૦૦૦/- જ.ફં. |
| ૧૪૫ | સોની ચંદનબેન જ્યંતિલાલ (વસઈવાળા) હ. સોની મધુસુદનભાઈ જ્યંતિલાલ વાડીલાલ | અમદાવાદ | ૧૧૦૦૦/- આ.સ.કા.ફં. |
| ૧૪૬ | સોની અરવિંદકુમાર ચંદુલાલ | માણસા | ૫૦૦૦/- જ.ફં. |
| ૧૪૭ | સોની રમણલાલ છગનલાલ | માણસા | ૫૦૦૦/- જ.ફં. |
| ૧૪૮ | સોની રમીલાબેન સોમચંદદાસ | ગાંધીનગર | ૧૧૦૦૦/- અ.લ.કા.યો.ફંડ |
| ૧૪૯ | સોની મંગુબેન વાડીલાલ હ. ડૉ. હીરાલાલ વાડીલાલ | યુ.કે. | ૧૫૦૦૦/- સ.ઉ.કા.ફં. |
| ૧૫૦ | સોની લલિતભાઈ મોહનલાલ | ઘોડાસર | ૫૦૦૧/- જ.ફં. |

**'સત્ય, દયા, દાન અને પવિત્રતા' આચાર ધર્મના અંગ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧૫૧ | સોની વિનોદભાઈ અંબાલાલ | ઉસ્માનપુરા | ૨૫૦૧/- જ.ફં. |
| ૧૫૨ | સોની કમળાબેન અંબાલાલ રણછોડદાસ (વસઈ) હ. સોની મુકેશકુમાર અંબાલાલ | સેટેલાઈટ | ૫૧૦૦૦/- બહુચરાજી ધર્મશાળા રૂમના દાતાશ્રી |
| ૧૫૩ | સોની જ્યંતિલાલ છોટાલા | નારણપુરા | ૨૦૦૦/- |
| ૧૫૪ | સોની શાંતિલાલ ગોપાળદાસ | સેટેલાઈટ | ૭૦૧/- |
| ૧૫૫ | સોની બકુલભાઈ કેશવલાલ | નારણપુરા | ૩૦૧/- |
| ૧૫૬ | સોની નરેન્દ્રકુમાર પોપટલાલ | નારણપુરા. | ૧૦૦૦/- |
| ૧૫૭ | સોની ગોવિંદભાઈ લક્ષ્મણદાસ | | ૫૦૦/- |
| ૧૫૮ | સોની પ્રવિણકુમાર કાન્તીલાલ (નારદીપુર) | સેટેલાઈટ | ૩૦૦/- |
| ૧૫૯ | સોની મનુભાઈ પોપટલાલ | ખેરાળુ | ૧૦૦૦/- |
| ૧૬૦ | સોની પ્રકાશચંદ્ર હીરાલાલ વાડીલાલ (સોની મનોજકુમાર હીરાલાલના સ્મરણાર્થે) | ચાંદખેડા | ૨૦૦૧/- ત.સ.યો. |

**જીવ શિવ એક થાય, બન્નેના મિલન થાય ત્યારે જીવ કૃતાર્થ થાય છે.**



## સમૂહ લગ્નની કાયમી ભેટ

૧. મા-માટલુ, પાનેતર — મંડળ તરફથી

૨. કન્યાને જોડ કપડાં — ગં.સ્વ. સોની કાન્તાબેન ચીમનલાલ ગોકળદાસ પરિવાર (માણસા)

૩. ખુરશી નંગ બે — બાઈશ્રી સોની ચંચળબેન હીરાલાલ (વિસનગર)

## રજત સમૂહલગ્ન મહોત્સવ ભેટની યાદી

૧ થી ૬ આ અગાઉની પત્રિકામાં

| નં. | નામ | ગામ | ભેટ |
|---|---|---|---|
| ૭ | સોની પુષ્પાબેન કનૈયાલાલ હ. સોની હેમંતભાઈ કનૈયાલાલ | નારદીપુર | ચાંદીની ગાય |
| ૮ | સોની કાન્તીલાલ માણેકલાલ | મહેસાણા | દિવાલ ઘડીયાળ |
| ૯ | સોની સુલોચનાબેન કનૈયાલાલ | મહેસાણા | ૧૦ ગ્રામ ચાંદીનો સિક્કો |
| ૧૦ | સોની કનૈયાલાલ પ્રહલાદજી | મહેસાણા | ચાંદીની દીવી |
| ૧૧ | સોની કનૈયાલાલ મણીલાલ | સેટેલાઈટ | સોનાની ચુની |

## બહુચરાજી ધર્મશાળામાં રૂમના બાંધકામના પેટેના દાતા

અનુ.નં. ૧ પત્રિકા નં.૫માં દર્શાવ્યા છે.

| નં. | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૨. | સોની કમળાબેન અંબાલાલ રણછોડદાસ (વસઈ) હ. સોની મુકેશકુમાર અંબાલાલ | સેટેલાઈટ અમદાવાદ | ૫૧,૦૦૦/- |

**મંત્ર, માળા અને મૂર્તિ કદી બદલશો નહિં.**

## સોની નટવરલાલ મુળચંદદાસ પરિવાર (ધિણોજવાળા) કાયમી સમૂહલગ્ન યોજના

ક્રમાંક ૧ થી ૪૧ અગાઉની પત્રિકામાં

| નં. | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૪૨ | સોની વર્ષાબેન ભરતકુમાર જગજીવનદાસ, પરિશ્રમ, નારણપુરા. હ. સોની બાબુલાલ વાડીલાલ (લાંઘણજ) | અમદાવાદ | ૧૧૦૦૦/- |
| ૪૩ | સોની દક્ષાબેન મુકેશકુમાર હ. સોની બાબુલાલ વાડીલાલ (લાંઘણજ) | મુંબઈ | ૧૧૦૦૦/- |
| ૪૪ | સોની રમીલાબેન સોમચંદદાસ | ગાંધીનગર | ૧૧૦૦૦/- |

## મા-માટલું / પાનેતરના દાતા

ક્રમાંક ૧ થી ૯૩ આ અગાઉની પત્રિકામાં

| નં. | નામ | ગામ |
|---|---|---|
| ૯૪ | સોની ડી.આર. ખેરાળુ નાગરિક બેંક મુળ વતન ખેરાળું હાલ | અમદાવાદ |
| ૯૫ | સોની સવિતાબેન અમૃતલાલ મણીલાલ | ખેરાળુ |
| ૯૬ | સોની જીતેન્દ્રકુમાર લક્ષ્મણદાસ દેવચંદદાસ | પાલડી, અમદાવાદ |
| ૯૭ | સોની ગીરધરલાલ મગનલાલ | મણીનગર |
| ૯૮ | સોની મંજુલાબેન ભોગીલાલ કાન્તીલાલ | સરસપુર |
| ૯૯ | સોની કનૈયાલાલ શાંતિલાલ | મહેસાણા |
| ૧૦૦ | સોની કાન્તીલાલ માણેકલાલ | મહેસાણા |

**મહાન માણસોને જેમ વિપત્તિ પડે છે તેમ તેમનું સત્વ વધારે દીપે છે.**



## સ્વ. ગોકળદાસ વિઠ્ઠલદાસ સોની, માણસા આર્થિક સહાય કાયમી ફંડ

ક્રમાંક ૧ થી ૫૭ આ અગાઉની પત્રિકામાં

| નં. | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૫૮ | સોની ચંદનબેન જ્યંતિલાલ (વસઈવાળા) હ. સોની મધુસુદનભાઈ જ્યંતિલાલ વાડીલાલ | અમદાવાદ | ૧૧,૦૦૦/- |
| ૫૯ | સોની અરવિંદકુમાર ચંદુલાલ ગુરૂકુલ, મેમનગર. | અમદાવાદ | ૧૧,૦૦૧/- |

## શ્રી કાળીદાસ છગનલાલ સોની (કુકરવાડા) તબીબી સહાય કાયમી ફંડ

ક્રમાંક ૧ થી ૧૩ અગાઉની પત્રિકામાં

| નં. | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧૪ | સોની મંજુલાબેન ભોગીલાલ કાન્તીલાલ સોનીના સ્મરણાર્થે | સરસપુર અમદાવાદ | ૧૧૧૧૧/- |

## શ્રી બાબુલાલ વ્રિજલાલ સોની કાયમી નોટબુક સહાય યોજના

ક્રમાંક ૧ થી ૧૨ અગાઉની પત્રિકામાં

## સોની દેવીદાસ અંબારામ પરિવાર કાયમી સ્કોલરશીપ યોજના ફંડ

ક્રમાંક ૧ થી ૧૧ અગાઉની પત્રિકામાં

**બધાને ઠગી શકાય છે, પણ અંતર્યામીને ઠગી શકાતો નથી.**

## સોની નટવરલાલ અમથારામ (ઉનાવાવાળા) શ્રી સ્વામીનારાયણ સ્ત્રી રાહત કાયમી ફંડ

ક્રમાંક ૧ થી ૭ અગાઉની પત્રિકામાં

## સોની બાબુલાલ મોહનલાલ (લોદ્રા) પરિવાર ઉચ્ચ શિક્ષણ સહાય યોજના

ક્રમાંક ૧ અને ક્રમાંક ૨ આ અગાઉની પત્રિકામાં

## કાયમી ઈનામી યોજના ફંડ

મુખ્ય દાતા : કિશોરીબેન ચંદુલાલ કાળીદાસ, કુકરવાડા

## ચંદ્રકના દાતાશ્રી

સ્વ. સોની ગુલાબબેન બબલદાસ મોહનલાલ, માણસા

## સુવર્ણચંદ્રકના દાતાશ્રીઓ

ક્રમાંક ૧ થી ૬ આ અગાઉની પત્રિકામાં

**મન, કાચ અને મોતીમાં પડેલી તિરાડ કદી સંધાતી નથી.**



## ચોકસી દેવીદાસ અંબારામ પરિવાર (સુરત) મોરલીધર દેવીદાસ ચોકસી અને મધુબેન મોરલીધર ચોકસી સમાજ ઉન્નતિ કાયમી ફંડ

| નં. | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧ | ચોકસી મોરલીધર દેવીદાસ અને ચોકસી મધુબેન મોરલીધર | સુરત | ૩,૦૦,૦૦/- |
| ૨ | સોની હેમંતકુમાર મનસુખરામ | આંબાવાડી અમદાવાદ | ૫૧,૦૦૦/- |
| 3 | સોની મંગુબેન વાડીલાલ હ.ડૉ. હરીશભાઈ વાડીલાલ (નારદીપુર) | યુ.કે. | ૧૫,૦૦૦/- |

## સ્વર્ગસ્થની સ્મૃતિરૂપેની જાહેરાત

| નં. | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | સોની શારદાબેન મંગળદાસ (વરસોડા) હ. લલિતભાઈ, મહેન્દ્રભાઈ | માણસા | ૩૫૦૦/- |
| ૨. | સોની સીતાબેન બાબુલાલ હ. સોની કનૈયાલાલ બાબુલાલ | કલોલ | ૩૫૦૦/- |

**નોંધ :**

**(૧) આ સમયગાળા દરમ્યાન કોઈ અન્ય અવસાન પછીની જાહેરાત રહી ગઈ હોય તો તેની વિગતો આપવા વિનંતી.**

**(૨) સમાજના ભાઈ-બહેન કે જેની ઉંમર ૧૮ વર્ષથી વધારે હોય તેઓએ આજીવન સભ્ય બનવા વિનંતી.**

**આચરણ વગરના ઉપદેશ ફોગટ છે.**

**સમુહ લગ્નના ફોર્મ મેળવવા/મોકલવા સ્થળ નીચે મુજબ છે.**

૧. **સોની જગદીશભાઈ કાંતીલાલ**
ચોથીયાનો કોટ, જૈન મંદિરની બાજુમાં, વિજાપુર.
ટે. ૦૨૭૬૩-૨૨૩૦૪૩ (ઓ.) (૦૨૭૬૩-૨૨૪૦૬૫ (રહે.)

૨. **સોની ચીનુભાઈ બાબુલાલ**
પ્લોટ નં. ૧૩/એ, અંકુર સોસાયટી વિભાગ-૨,
અંકુર, નારણપુરા, અમદાવાદ.
ફોન : ૦૭૯-૨૭૪૭૦૨૧૧ (ઘર) ૨૫૫૦૭૧૬૮ (ઓ.)

૩. **સોની હેમેન્દ્રકુમાર બાબુલાલ, બી.વી. એન્ડ કું.**
ગુસાપારેખની પોળ, મદનગોપાળ હવેલી રોડ,
માણેકચોક, અમદાવાદ.
ફોન : ૦૭૯-૨૨૧૪૮૨૬૧ (દુ) ૨૭૪૫૫૯૨૨ (ઘર)

૪. **સોની હર્ષદકુમાર મણીલાલ**
૨૩, સંતોષનગર સોસાયટી, એમ.એન. કોલેજ રોડ, વિસનગર.
ફોન : (૦૨૭૬૫) ૨૩૦૯૫૨ (દુ.) ૨૩૨૮૦૫ (ઘર)

૫. **સોની રજનીકાંત રમણલાલ**
વર્ધમાનનગર સોસાયટી, બગીચા પાછળ, કલોલ, જિ.ગાંધીનગર
ફોન : (૦૨૭૬૪) ૨૫૮૩૩૧ (ઓ.) ૨૫૭૩૮૪ (ઘર)

૬. **સોની કીર્તીભાઈ ચીમનલાલ**
અર્બુદા જ્વેલર્સ, સ્ટેશન રોડ, મહેસાણા.
ફોન : (૦૨૭૬૨) ૨૫૧૪૭૫ (ઓ.) ૨૫૭૧૬૪ (ઘર)

૭. **સોની નવીનચંદ્ર મગનલાલ**
પ્લોટ નં. ૪૭૪/એ-૧, સેક્ટર-૬/એ, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૨૫૪૩૧ (ઘર)

**સંપત્તિથી જે સુખ મળે છે તેના કરતાં સંતોષથી વધુ સુખ મળે છે.**



## કન્વીનરશ્રીઓ

| | |
|---|---|
| **સોની મુકુંદભાઈ કૃષ્ણાલાલ**<br>(નારદીપુર)<br>કેળવણી અને સ્કોલરશીપ સમિતિ<br>ફોન : (૦૨૭૬૪) ૨૮૯૩૧૫ | **સોની જગદીશચંદ્ર જયંતિલાલ**<br>(અમદાવાદ)<br>આર્થિક સહાય સમિતિ અને શ્રી સ્વામિનારાયણ શ્રી રાહતફંડ<br>ફોન : (ઓ) (૦૭૯) ૨૭૫૦૧૯૨૮<br>(ઘર) (૦૭૯) ૨૭૫૦૯૮૫૬ |
| **સોની જગદીશચંદ્ર કાંતીલાલ**<br>(વિજાપુર)<br>સમાજ સુધારક અને સમુહલગ્ન સમિતિ<br>ફોન : (૦૨૭૬૩) (ઘર) ૨૨૪૦૬૫<br>(ઓ) ૨૨૩૦૪૩ | **સોની બાલમુકુંદભાઈ ચંદુલાલ**<br>ઉચ્ચ શિક્ષણ સહાય સમિતિ (જંત્રાલ)<br>ફોન : (૦૨૭૬૩) ૨૩૪૬૦૬<br>મો. ૯૯૨૪૧૨૯૨૪૫ |
| **સોની સુરેશકુમાર વ્રિજલાલ**<br>તબીબી સહાય સમિતિ (માણસા)<br>ફોન : (૦૨૭૬૩) (ઘર)<br>(૦૨૭૬૩) (ઓ) ૨૭૦૬૪૮<br>મો. ૯૪૨૬૩ ૨૫૨૯૩ | **સોની નટવરલાલ ચીમનલાલ**<br>(ચરાડા)<br>ધર્મશાળા સમિતિ<br>ફોન : (૦૨૭૬૩) (ઘર) ૨૮૭૫૪૯<br>(૦૨૭૬૩) (ઓ) ૨૮૭૨૬૯ |

## પ્રતિનિધિ બોર્ડ તથા કારોબારી વતી

| | |
|---|---|
| **સોની મુકેશકુમાર બાબુલાલ**<br>પ્રમુખશ્રી (વિજાપુર)<br>ફોન : (૦૨૭૬૩) (ઘર) ૨૨૨૧૦૩<br>(ઓ) ૨૨૨૧૦૨, ૨૨૦૦૮૪ | **સોની નવિનચંદ્ર મગનલાલ**<br>ઉપપ્રમુખશ્રી (ગાંધીનગર)<br>ફોન : (૦૭૯) ૨૩૨૨૫૪૩૧ |
| **સોની કનૈયાલાલ મણીલાલ**<br>મહામંત્રી (સેટલાઈટ, અમદાવાદ)<br>ફોન : (દુ.) ૨૬૭૪૨૬૩૫<br>(ઘર) ૨૬૭૫૪૧૨૩ | **સોની દિલીપકુમાર અંબાલાલ**<br>મંત્રી, (અમદાવાદ)<br>ફોન : (દુ.) ૨૨૧૧૦૭૩૦<br>(ઘર) (૦૨૭૧૭) ૨૯૫૫૯૦ |
| **સોની શૈલેષકુમાર વ્રિજલાલ**<br>ખજાનચી (અમદાવાદ)<br>ફોન : (ઘર) ૨૬૩૦૬૦૭૨<br>(મો.) ૯૮૨૫૪૪૩૯૬૫ | **સોની હર્ષદકુમાર મણીલાલ**<br>સહમંત્રી (વિસનગર)<br>ફોન : (દુ) ૦૨૭૬૫-૨૩૦૯૫૨<br>(ઘર) ૦૨૭૬૫-૨૩૨૮૦૬ |

**મીઠા બોલ અનંત સમય સુધી ગુંજતા રહે છે.**

બુક-પોસ્ટ

પ્રતિ
શ્રી, ____________________

____________________

____________________

____________________

રવાના :

**સોની દિલીપકુમાર અંબાલાલ**

મંત્રી ,શ્રી અમદાવાદ, કડી, વિજાપુર પરગણા શ્રીમાળી સોની ઉત્તેજક મંડળ
C/o. એ. જી. જ્વેલર્સ, ૪/૫, ઉત્તમચેમ્બર્સ, પેહેલે માળે, બંધારાનો ખાંચો,
માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Printed by : Patel Graphicx. Ph. : (079) 25504363